જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૧/૨૦૨૪ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૩૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૭૦ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૫ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૪૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:- સમાચાર યાદી નં.૪૧/૨૦૨૪

**શહેરકોટડા**ઃ નરેશકુમાર હીરાલાલ જાંગીડ (ઉ.વ.૫૦) (રહે. વેલજીભાઇનો કુવો ચામુંડાનગર મોટેરા સ્ટેડીયમ પાસે સાબરમતી) તા.૦૬/૧૨/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે મેમ્કો ફૂટમાર્કેટ પાસે આવેલ બેંક ઓફ બરોડાના એ.ટી.એમ. કેબીનમાં એ.ટી.એમ.નો પીન નંબર જનરેટ કરતા હતા ત્યારે મદદ કરવાના બહાને આવેલ પુરૂષે વિશ્વાસમાં લઈ પીન નંબર જાણી લઈ એ.ટી.એમ.કાર્ડ બદલી લઈ બીજુ એટીએમ કાર્ડ આપી નરેશકુમાર જાંગીડના બેંક ખાતામાંથી રૂપિયા ૪૬,૫૯૬/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની ફરીયાદ નરેશકુમાર જાંગીડ એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચોધરી ચલાવે છે.

**બોડકદેવઃ** સૌમીલ સ/ઓ નિરજકુમાર ચંદ્રાકર (ઉ.વ.૨૦) (રહે. વેસ્ટન પાર્ક સોસાયટી ગુરૂદ્વારા પાસે એસ.જી.હાઇવે) તા.૦૬/૧૨/૨૦૨૩ બપોરના ૧/30 વાગ્યાના સુમારે એસ.જી.હાઇવે ગુરૂદ્વારા પાસે સુમેલ કોમ્પ્લેક્ષમા આવેલ એસ.બી.આઇ.બેન્કના એ.ટી.એમ. કેબીનમાં ગયા હતા ત્યારે સૌમીલ ચંદ્રાકરના માતાના બેન્ક ખાતાનું એ.ટી.એમ.નો પીન નંબર જનરેટ કરી સ્ટેટમેન્ટની સ્લીપ કાઢતા હતા ત્યારે મદદ કરવાના બહાને આવેલ પુરૂષે વિશ્વાસમાં લઈ પીન નંબર જાણી લઈ એ.ટી.એમ.કાર્ડ બદલી લઈ બીજુ એટીએમ કાર્ડ આપી સૌમીલ ચંદ્રાકરના માતાના બેંક ખાતામાંથી રૂપિયા ૬૯,000/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની ફરીયાદ સૌમીલ ચંદ્રાકર એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૨/૨૦૨૪**

**"એસ.જી.-૦૧" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અંબાબહેન કાંતિભાઇ પટેલ (ઉ.વ.૭૭)(રહે.સ્પેક્ટ્રર એલીગન્સ, જેગુઆર શો-રૂમ પાછળ, ગોતા) તા.૦૬/૦૧/૨૦૨૪ સવારના ૬/30 વાગ્યાના સુમારે એસ.જી.હાઇવે દેવનગર પાટીયા વિશ્વનાથ મહાદેવ મંદિર સામે ચાલતા રોડ ક્રોસ કરતા હતા દરમ્યાન એક સ્કોર્પીઓ કાર નંબર જીજે.૧૮.બીક્યુ.૫૭૮૮ ના ચાલક એ પુરઝડપે અને બેદરકારીથી કાર ચલાવી લાવી, અંબાબહેનને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૧/૨૦૨૪ સવારના ૭/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અંબાબહેનના પૌત્ર પાર્થ પટેલ એ "એસ.જી-૦૧" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૩/૨૦૨૪**

**શહેરકોટડાઃ** મેહુલ સુરેશભાઇ પટણી (ઉ.વ.૨૬) (રહે. મનુજી ગોબરજીની ચાલી પોટલીયા ચાર રસ્તા પાસે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૧/૨૦૨૪ બપોરના ૪/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડની એંગલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીગ્નેશકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી